ગાંધીનગર સમાચાર
તા. ૫-૬-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### જય સોમનાથ : પ્રવેશ પરનો અંકુશ સકારણ

ગુજરાતની અસ્મિતાના જ્યોર્તિધર અને મહાન રાષ્ટ્રભક્ત સર્જક સ્વ. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ દેશને આઝાદી મળતાંની સાથે જ સોમનાથનાં ખંડિત મંદિરનો જીણોદ્ધાર કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. એમણે 'જય સોમનાથ' જેવી ઐતિહાસિક નવલકથા લખી અને પંડિત જવાહરલાલ નહેરુના મંત્રીમંડળના સાથી તરીકે સોમનાથને ભારતીય અસ્મિતાના પ્રતીક તીર્થ તરીકે સ્વીકૃતિ અપાવવાની ઝુંબેશ આદરી. લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે મુનશીના સંકલ્પને વધાવી લીધો અને લોક ફાળા વડે એ ભવ્ય મંદિરના નિર્માણની પ્રતિજ્ઞા લીધી. મંદિરનું નિર્માણ પૂરું થઇ રહે ત્યાં સુધી સરદારે જીવન લીલા સંકેલી લીધી હતી. રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે એનું ભવ્ય લોકાર્પણ કરી સરદારની પ્રતિજ્ઞા પાર પાડી હતી. આવી ઐતિહાસિક ધરોહરને યોગ્ય સુરક્ષા પૂરી પાડવાની રાજય તેમજ કેન્દ્ર સરકારની વણલખી ફરજ બની રહે છે. તાજેતરમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા બિન હિંદુઓ પર મંદિર પ્રવેશ અંગે મુકાયેલ અંકુશ એ સંદર્ભે વાજબી ગણાવો જોઈએ. એમાં ધાર્મિક કટ્ટરતા નથી, બલકે બારેમાસ અને ચોવીસે કલાક ઝળૂંબી રહેલ આક્રમણ સામે સુરક્ષા કવચ ઊભું કરવાનો જ આશય છે, એટલું સાદું સત્ય દેશની બિન હિંદુ પ્રજાને પણ સમજવું અને સ્વીકારવું જોઈએ. ધાર્મિક કટ્ટરતા અને અસ્પૃશ્યતાનાં ઉદાહરણો આપણી નજર સામે છે. કાબાના રક્ષિત પ્રદેશમાં મુસ્લિમો સિવાય કોઈને પ્રવેશ નથી અપાતો. તે જ રીતે પુરીના જગન્નાથ મંદિર ઉપરાંત ઓડિશાનાં ઘણાં હિંદુ મંદિરોમાં દલિતોને પ્રવેશ સામે એકવીસમી સદીના બીજા દાયકાંમાં પણ સીધો નહીં તો આડકતરો પ્રતિબંધ પ્રવર્તે છે. કયારેક કોઈ દલિત મહાનુભાવ હઠાગ્રહ કરીને ગર્ભગૃહમાં પ્રવેશ કરી પૂજા-અર્ચના કરી પણ દે છે ત્યારે પાછળથી સંકુચિત સંપ્રદાયવાળી દૃષ્ટિકોણ ધરાવતાં પંડાઓ એને ગંગાજળથી ધોઈને 'પવિત્ર' કરવાની ઘેલછા આચરે છે. ધર્મ એવા સંકુચિત વાડાઓમાં અને મૌલવી - પંડાઓના કબજામાં આવી જઈ હરહંમેશ વગોવાયો છે. મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા કે ચર્ચ - એ ભગવાનનાં ઘર ગણાય. ભગવાનને મન કોઈ હિંદુ નથી, કોઈ મુસલમાન નથી કે કોઈ ખ્રિસ્તી નથી. વળી હિંદુ ધર્મ તો વિશ્વનો સૌથી ઉદાર અને ઉદાત્ત ધર્મ છે. એને કયારેક કોઈના પ્રત્યે દુર્ભાવ સેવ્યો નથી અને દસે દિશાઓમાંથી ઉત્તમ વિચારો આત્મસાત કર્યો છે. મહંમદ ગઝની, કે અલ્લાઉદ્દીન ખિલજી કે ઔરંગઝેબ જેવા કટ્ટરવાદી પરિબળો દુનિયામાં આજે પણ કાળો કેર વરતાવી રહ્યા છે તે કોણ નથી જાણતું? ભારતનું નાક કાપવાની કોઈને કોઈ તક શોધતી રહેતી કુખ્યાત પાક ગુપ્તચર એજન્સી આઈએસઆઈથી લઈ અલ-કાયદા અને આઈએસઆઈએસ જેવી ઈસ્લામિક દુનિયાની કુખ્યાત કટ્ટરપંથી શક્તિઓ સામે ભારતીય અસ્મિતાના પ્રતીક તીર્થને સુરક્ષા કવચ આપવા માટે ટ્રસ્ટના સુજ્ઞ અગ્રણીઓ દ્વારા લેવાયેલ બિન હિંદુઓના પ્રવેશ વિશેની ચોકસાઈના નિર્ણય પાછળ જરુર આપણી ગુપ્તચર એજન્સીઓની ચેતવણી ઉપરાંત સલામતી રક્ષકો સાથે થયેલી ચડભડ જેવાં ગોપનીય - ગંભીર કારણો હશે. એ બધાના મૂળમાં ઊતરવા કરતાં ભગવાન સોમનાથ સૌને સદ્‌બુદ્ધિ આપે, એવી પ્રાર્થના જ શ્રેયસ્કર લેખાશે.

# ધોરણ-૧૦નું પરિણામ ૫૪.૪૨ ટકા

## ૩૦૩ શાળાઓનુ પરિણામ ૧૦૦ ટકા જાહેર કરવામાં આવ્યું : ફરીએકવાર વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનિઓ આગળ : કુલ ૨૦૭૦ ગેરરિતી કેસ સપાટીએ

અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું ૫૪.૪૨ ટકા જેટલુ નીચુ પરીણામ જાહેર કરાયું છે. બોર્ડની પરીક્ષામાં કુલ ૧૦,૪૬,૮૯૬ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જે પૈકી ૫,૬૯,૭૦૨ વિદ્યાર્થીઓ ઉતિર્ણ થતા બોર્ડની પરીક્ષાનું સરેરાશ પરીક્ષામાં ૫૪.૪૨ ટકા રહ્યું છે. જે ગત વર્ષ કરતાં ૧૧ ટકા જેટલુ નીચુ છે. ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૧૧૮૦ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા છે. જ્યારે ૧૯૧૩૨ વિદ્યાર્થીઓને એ-૨ ગ્રેડ મળ્યો છે. રાજયમાં સૌથી વધુ પરીણામ આણંદ જિલ્લાના રાસ કેન્દ્રનું ૯૭.૮૩ ટકા રહ્યું છે. જ્યારે સૌથી ઓછુ પરીણામ મહીસાગ જિલ્લાના ગોંઠીવી કેન્દ્રનું ૫.૬૮ ટકા આવ્યું છે. જિલ્લામાં સૌથી વધુ ૭૪.૬૧ ટકા પરિણામ જુનાગઢ જિલ્લાનું રહ્યું છે. જ્યારે સૌથી ઓછુ પરિણામ છોટા ઉદયપુર જિલ્લાનું ૨૦.૧૬ ટકા પરિણામ રહ્યું છે. રાજયમાં ૩૦૩ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. જ્યારે ૧૬૧૮૨ વિદ્યાર્થીઓ એક વિષયમાં અને ૫૭૦૮૪ વિદ્યાર્થીઓ બે વિષયમાં નાપાસ થયા છે. વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ ૫૦.૧૭ ટકા રહ્યું છે. જ્યારે વિદ્યાર્થીનીઓનું સરેરાશ પરિણામ ૬૧.૫૩ ટકા રહ્યું છે. અંગ્રેજી માધ્યમનું સરેરાશ પરિણામ ૯૧.૧૧ ટકા રહ્યું છે. તો ગુજરાતી માધ્યમનું સરેરાશ પરિણામ ૫૧.૩૩ ટકા રહ્યું છે. તો ૫૫૩ વિદ્યાર્થીઓને ૨૦ ટકા પાસીંગ માર્કસ સાથે ઉતિર્ણ કરવામાં આવ્યા છે. ચાલુ વર્ષ તમામ કેન્દ્રો ઉપર પરીક્ષા સીસીટીવી અને ટેબલેટની બાજ નજર નીચે લેવામાં આવ્યા હતા. જેનાં ફુટેજની તપાસ દરમિયાન ૧૬૭૮ વિદ્યાર્થીઓ ગેરરીતી કરતા ઝડપાયા છે તો ૩૯૨ વિદ્યાર્થીઓ પરીક્ષા દરમિયાન ગેરરીતી આચરતા સ્કવોર્ડના હાથ ઝડપાયા હતા જે તમામના પરિણામ પેન્ડીંગ રાખવામાં આવ્યા છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ હવે ધોરણ-૧૦ બોર્ડ પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ. પરિણામ કેટલા ટકા રહેશે તેને લઈને પ્રવર્તી રહેલા સસ્પેન્સનો સવારમાં અંત આવી ગયો હતો. ૧૦ લાખથી પણ વધારે વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૨મી માર્ચથી બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં ધોરણ ૧૦ના ૧૦૬૭૫૩૬ વિદ્યાર્થી નોંધાયા હતા.જેમના માટે શિક્ષણ બોર્ડ દ્વારા ૭૪ વહીવટી ઝોનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૮૧૨ પરીક્ષા કેન્દ્રોના ૨૮૯૬ બિલ્ડિંગોના ૩૪૯૮૬ બ્લોકમાં આ પરીક્ષા લેવામાં આવી હતી. પૈકી ૯૦ ટકા વર્ગખંડોને સીસીટીવી અને ટેબલેટથી આવરી લેવામાં આવ્યા હતા. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર-૪ની પરીક્ષાનું પરીણામ ૨૮મી મેના દિવસે ૮૬.૧૦ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર ચારની પરીક્ષા આપનાર ૧,૨૫,૫૧૫ વિદ્યાર્થીઓ પૈકી ૧,૦૮,૦૭૧ વિદ્યાર્થીઓ પાસ થવામાં સફળ રહ્યા હતા. જ્યારે ૧,૮૫૪ વિદ્યાર્થીઓનુંપરીણામ પેન્ડીંગ રાખવામાં આવ્યું હતુ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૫માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યુંહતુ. ચાલુ વર્ષ સામાન્ય પ્રવાહનું ૫૪.૯૮ ટકા જેટલુ નીચુ પરીણામ ૩૦મી મેના દિવસે જાહેર કરવામાં આવ્યુ હતુ. જે છેલ્લા ૨૧ વર્ષમાં સૌથી નીચુ પરીણામ રહ્યું હતુ. સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષાનું પરીણામ ૭૦.૨૪ ટકા રહ્યુંહતુ. જ્યારે ઉચ્ચત્તર બુનિયાદીનુંપરીણામ ૫૮.૦૮ ટકા જાહેર કરાયુંહતુ. માર્ચ-૨૦૧૫માં લેવામાં આવેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં કુલ ૫,૨૯,૬૬૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૮૪૪૦ વિદ્યાર્થીઓને ૯૯થી વધુ પર્સન્ટાઈલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં કુલ ૮૪૪૦ વિદ્યાર્થીઓ ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેન્ક મેળવવામાં સફળ રહ્યા છે જ્યારે ૮૫૫૧૯ વિદ્યાર્થીઓનો પર્સન્ટાઈલ રેન્ક ૯૦થી પણ વધારે છે. પર્સન્ટાઈલ રેન્ક પ્રમાણે વિદ્યાર્થીઓનું વિવરણ નીચે મુજબ છે.

| પર્સન્ટાઈલ રેન્ક | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૯૯થી વધુ | ૮૪૪૦ |
| ૯૮થી વધુ | ૧૭૦૩૫ |
| ૯૬થી વધુ | ૩૪૩૭૬ |
| ૯૦થી વધુ | ૮૫૫૧૯ |
| ૮૦થી વધુ | ૧૭૨૦૯૭ |
| ૭૫થી વધુ | ૨૧૪૬૭૧ |
| ૭૦થી વધુ | ૨૫૮૨૨૦ |
| ૬૫થી વધુ | ૩૦૦૬૩૫ |
| ૬૦થી વધુ | ૩૪૬૩૦૬ |
| ૫૫થી વધુ | ૩૯૦૩૬૫ |
| ૪૦થી વધુ | ૫૨૦૬૩૫ |
| ૨૦થી વધુ | ૬૯૧૫૦૨ |
| ૦૦થી વધુ | ૮૬૭૭૫૫ |

## એ-૧ ગ્રેડ મેળવનાર...

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં એ-૧ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ભારે ઘટાડો નોંધાયો છે. ગત વર્ષ ૪૦૯૭ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો હતો જેની સામે ચાલુ વર્ષ માત્ર ૧૮૮૦ વિદ્યાર્થીઓજ એ-૧ ગ્રેડ મેળવી શકયા છે. જ્યારે એ-૨ ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓ સંખ્યા પણ અડધી થઈ ગઈ છે. ગ્રેડ પ્રમાણે વિદ્યાર્થીઓનું વિવરણ નીચે મુજબ છે.

| ગ્રેડ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| એ-૧ | ૧૮૮૦ |
| એ-૨ | ૧૯૧૩૨ |
| બી-૧ | ૫૧૪૧૨ |
| બી-૨ | ૧૦૪૩૪૨ |
| સી-૧ | ૧૮૨૩૯૩ |
| સી-૨ | ૧૪૧૯૯૪ |
| ડી | ૬૮૪૦૭ |
| ઈ-૧ | ૧૪૨ |
| કુલ | ૫૬૯૭૦૨ |

## અંગ્રેજી માધ્યમનું ૯૧.૧૧ ટકા ઉંચુ પરિણામ

### હિન્દી માધ્યમનું ૭૨.૪ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું : ગુજરાતી-હિન્દી ભાષાને મહત્વ મળે તે જરૂરી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ફરી એકવાર અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનો દબદબો યથાવત રહેવા પામ્યો હતો. પરીક્ષામાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનું સરેરાશ પરિણામ ૯૧.૧૧ ટકા જેટલુ રહેવા પામ્યુ છે. જ્યારે તેની તુલનામાં ગુજરાતી માધ્યમનું ૫૧.૩૩ ટકા સરેરાશ પરીણામ રહ્યું છે. જો કે તેલગુ માધ્યમમાં પરીક્ષા આપનાર તમામ ૪૫ વિદ્યાર્થી ઉતિર્ણ થવામાં સફળ રહેતા તેલુગુ માધ્યમનું ૧૦૦ ટકા પરિણામ રહેવા પામ્યું છે. ગુજરાતી અને હિન્દી માધ્યમનું પરિણઆમ અંગ્રેજી કરતા ઓછું છેલ્લા ઘણા સમયથી આવી રહ્યું છે. હિન્દી માધ્યમની સ્કૂલો ઓછી થઈ રહી છે જે ચિંતાજનક બાબત છે. રાષ્ટ્ર ભાષા હિન્દી હોવા છતાં હિન્દીના ઘટતા જતા મહત્વ સૌથી ચિંતાની બાબત છે. જાણકાર નિષ્ણાતો માને છે કે, હિન્દીમાં મહત્વને વધારવા સંભવિત તમામ પગલા લેવા જોઈએ. માધ્યમ પ્રમાણે પરીણામની ટકાવારી નીચે પ્રમાણે છે.

| માધ્યમ | હાજર સંખ્યા | ઉતિર્ણ સંખ્યા | પરિણામની ટકાવારી |
|---|---|---|---|
| ગુજરાતી | ૯૬૭૬૪૩ | ૪૯૬૭૨૩ | ૫૧.૩૩ |
| હિન્દી | ૨૩૦૦૮ | ૧૬૬૯૦ | ૭૨.૫૪ |
| અંગ્રેજી | ૫૫૬૭૬ | ૫૦૭૨૮ | ૯૧.૧૧ |
| મરાઠી | ૭૧૪૩ | ૪૧૬૨ | ૫૮.૨૭ |
| ઉર્દુ | ૧૪૫૦ | ૧૧૨૧ | ૭૭.૩૧ |
| સિંધી | ૧૯૦ | ૧૪૪ | ૭૫.૭૯ |
| તમીલ | ૪૦ | ૧૮ | ૪૫.૦૦ |
| તેલુગુ | ૪૫ | ૪૫ | ૧૦૦.૦૦ |
| ઉડીયા | ૭૩ | ૭૧ | ૭૭.૨૬ |

## ૧૫ સુધી ગુણ ચકાસણી સંદર્ભે અરજી થઈ શકશે

આ પરીક્ષાના પરીણામમાં જે કોઈ વિદ્યાર્થી ગુણ ચકાસણી માટે અરજી કરવા માંગતા હોય તે શિક્ષણ બોર્ડ નક્કી કરેલા સ્થળો ઉપર પોતાની અરજી આપી શકશે. આ ગુણચકાસણીની અરજી સાથે ઉમેદવારો એક વિષય દિઠ ૧૦૦ રૂપિયા મુજબ કુલ રકમનો ડીમાન્ડ ડ્રાફટ, સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગના નામે કક્ષાવી જોડવાનો રહેશે આ ગુણ ચકાસણી માટેની અરજી તારીખ ૪-૬-૨૦૧૫ની ૧૫-૬-૨૦૧૫ સુધી સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન અરજી સ્વિકાર કેન્દ્ર ખાતે આપી શકાશે. ગુણચકાસણી અરજી સ્વિકારવનાં કેન્દ્રો : ૧. દિવાલ બલ્લુભાઈ માધ્યમિક શાળા, પાલડી, ૨.આર.સી.હાઈસ્કુલ ઓફ કોર્મસ, દિલ્હી ચકલા, ૩. ત્રીજી વિધાલય, ઘટી સ્ટેન્ડ સામે, બાપુનગર, ૪.કામેશ્વર વિધાવિહાર, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ , નોંધ :- અન્ય જીલ્લાના વિદ્યાર્થીઓની અરજી જે તે જીલ્લાનાં નક્કી કરાયેલ કેન્દ્રો ખાતે કરાશે.

# રોકઓન... શંકર-એહસાન-લોય... એટલે સંગીતના અમર-અકબર-એન્થોની...

## હમ હે નયે, અંદાજ કયું હો પુરાના... 'મિશન કાશ્મીર' થી 'દિલ ધડકને દો' સુધીની ફેમસ ફિલ્મોના ગીત-સંગીતથી 'લોચા એ ઉલ્ફત', 'મસ્ત કલંદર' જેવી ધમાલ સાથે

## કિબોર્ડ-ગિટાર-ગાયકીની અદ્‌ભૂત કોમ્બિનેશનની 'બ્રેધલેસ' લાઈવ કન્સર્ટમાં શંકર-એહસાન-લૉયનું ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં માર્વેલસ પરફોર્મન્સ

'કોઈ જો મિલા થા મુજે ઐસા લગતા થા જૈસે મેરી સારી દુનિયા મેં ગીતો કી રૂત ઔર રંગો કી બરખા હે, ખુશ્બુ કી આંધી હે...' બ્રેધલેસ ગીત વાગે એટલે એક જ શ્વાસે ગવાયેલું ગીત અને એના શબ્દો સાથે તરત જ શંકર મહાદેવન યાદ આવી જાય... ૧૯૯૭માં આવેલી 'દસ' ફિલ્મના સંગીતકાર હતાં શંકર-એહસાન-લૉય, જે એમની પ્રથમ ફિલ્મ, આ ફિલ્મનું ગીત 'સૂનો ગૌર સે દુનિયા વાલો બુરી નજરના હમ પેં ડાલો' સાથે ધમાકેદાર એન્ટ્રી... પછી તો મિશન કાશ્મીર, દિલ ચાહતા હે, કલ હો ના હો, લક્ષ્ય, બંટી ઔર બબલી, ડૉન, હે બેબી, રૉક ઓન, વેક અપ સિદ, માય નેમ ઈઝ ખાન, ટુ સ્ટેટ્સ, દિલ ધડકને દો - સુધીની સુરીલી સફરના શિલ્પી...





શંકર મહાદેવન એની ગાયકીથી, એહસાન નુરાની એની ગિટારથી અને લોય મેન્ડોસા કિબોર્ડ પ્લેયરથી પ્રખ્યાત હતા, ત્રણેય ભેગા થયા અને સંગીતકાર તરીકે પ્રસ્થાપિત થઈ ગયા... અત્યાર સુધી ૫૦ થી વધુ ફિલ્મોનું સંગીત આપ્યું અને નેશનલ ફિલ્મફેર એવોર્ડ, ફિલ્મફેર એવોર્ડ જેવાં પ્રતિષ્ઠિત ૨૦ એવોર્ડ વિજેતા બની ચૂક્યા છે... શંકર મહાદેવનની હિન્દુસ્તાની - કલાસિકલ ગાયકી, એહસાનની ગિટાર-સૂફી સંગીત અને લૉયનું વેસ્ટર્ન ફયુઝન કિ-બોર્ડ કમાલ સાથેના આ ત્રણ સંગીતના મહારથી એટલે મોર્ડન યેરાના સંગીત જાણે કે અમર-અકબર-એન્થોની જ જોઈલો...

ગાંધીનગર કલ્ચરલ ફોરમે ગાંધીનગરના આંગણે પ્રથમ જ વાર આ ત્રિપુટીને બોલાવીને ગ્રીષ્મોત્સવના કાર્યક્રમને એક અનોખી ઊંચાઈએ પહોંચાડ્યો... હિરેન ભટ્ટે એમનાં મધૂરા અવાજમાં સૌનું સ્વાગત કરી શંકર-એહસાન-લૉયનો પરિચય કરાવ્યો... ૧૯ વર્ષથી કોઈ પણ જાતના કોન્ટ્રાક્ટ વિના તેઓ સાથે કામ કરે છે અને છતાંય કયાંક કોન્ટ્રાસ નથી, ગાંધીનગર કલચરલ ફોરમના ૨૧માં વર્ષના શુભારંભ સાથે હોસ્પિટાલિટી પાર્ટનર સુવાસ બારોટ અને મુખ્ય પ્રાયોજક એ.બી. જવેલર્સના મનોજ સોની, વિજય સોનીના યોગદાનની ખાસ નોંધ લઈ, સ્ટેજ શંકર મહાદેવન એન્ડ પાર્ટીને હવાલે કરી દીધું...

'વક્રતુંડ મહાકાય, સૂર્ય કોટી સમપ્રભ અને મંગલમ્ ભગવાન વિષ્ણુ'ના શ્લોકના ઉચ્ચાર સાથે શંકર મહાદેવને ઉપસ્થિત સૌ પ્રેક્ષકોની શુભકામના માટે પ્રાર્થના ગીત 'ગણનાયકાય, ગણદૈવતાય ગણાધ્યક્ષાય ધિમહી, ગુણ શરીરાય ગુણમંડિતાય ગુણેશાનાય ધિમહી, એકદંતાય વક્રતુંડાય ગૌરી તનયાય ધિમહી' અદ્‌ભૂત અવાજ સાથેની રજૂઆત, આ પ્રાર્થના ગીત માટે મોટા ભાગની શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રજૂ કરવામાં આવે છે...

'દિલ ચાહતા હૈ કભીના બીતે ચમકીતે દિન, હમ ના રહે કભી યારોં કે બીન, મસ્તી મેં રહે ડૂબા ડૂબા હંમેશા સમા' આ ગીતમાં એહસાન નુરાનીની ગિટારનો પીસ અને દિલ ચાહતા હૈ, ગાંધીનગર જૈસે રાસ્તે મુંબઈ મેં બનવાઉં, ગવડાવીને લાઈવ કરી દીધાં... આજ ફિલ્મનું બીજું ગીત 'કોઈ કહે કહેતા રહે કિતના ભી હમકો દિવાના, હમ લોગોં કી ઠોકર મેં હે યેજ જમાના, હમ હૈ નયે અંદાજ કયું હો પુરાના' ગીત પર તો પ્રેક્ષકો ઊભા થઈને નાચવા લાગ્યા...

'પટિયાલા હાઉસ'નું એવું જ ધમાકેદાર 'લોંગ દા લશ્કારા, ઓ બેબી તેરા જાનસે પ્યારા, ઓ બેલી આઈને ચમકા દિન સારા, કે દિખ ગયા પ્યાર યે પટિયાલવી' આમાં ઢોલની ધમાલ અને પંજાબી તડકા સાથે યુવાનો હિલોળે ચઢ્યાં... 'રૉકઓન'નું રોકિંગ ગીત 'દિલ કયા કહેતા હૈ મેરા કયા મૈં બતાઉં, તુમ યહ સમજોગે શાયદ મૈં પાગલ હોં જાઉં, દિલ યે કહેતા કી મૈં ગુજરાતી થાલી ખાઉં, રૉકઓન યહ વક્ત કા હૈ ઈશારા, રૉકઓન જિંદગીના મિલેગી દોબારા' ધમાલ રજૂઆત રહી..



ઉઘડતે પડદે
સંજય થોરાત
hellogandhinagar@gmail.com

'કલ હો ના હો'નું એવું જ એક મસ્તીભર્યું ગીત 'મૈંને જીસે અભિ અભિ દેખા હૈ કૌન હૈ વો અન્જાની, કુડી વુમન, દેખો દેખોના કુડી વુમન' માં પંજાબી ઢોલ અને ડ્રમની રંગત જોરદાર રહી... 'માયનેમ ઈઝ ખાન' નું 'તેરી કાલી અખિયોં સે જિંદ મેરી જાગે, ધડકન સે તેજ દોડું સપનોં સે આગે, સજદા, તેરા સજદા, દિન રૈન કરું નાહી ચૈન કરું, સજદા' કોંગો-બોંગો સાથે રિધમ અને અવાજના વેરિએશનની વેરાઈટી જોવા મળી...

'ટુ સ્ટેટ્સ'નું રમતીયાળ ગીત 'બનકે મુસીબત પીછે પડીહૈ, યે કોમેડી હૈ યા ટ્રેજેડી હૈ, ના હોના થા કયોં હો ગયા, લોચા એ ઉલ્ફત હો ગયા' એમાં હાથની મોજીલી હરકત સાથે સૌને નચાવી મોજ કરાવી... 'ભાગ મિલ્ખા ભાગ'નું શંકરના ૨૧ વર્ષના દીકરા સિદ્ધાર્થે ગાયેલું ગીત 'જિંદા હૈ તો પ્યાર પુરા ભરલે, કાંચા ફુંટે ચુરા કાંચ કરલે, કોયલા કાલા હૈ, ચટ્ટાનોં સે પાલા હૈ, અંદર કાલા, બહાર કાલા, પર સચ્ચા હૈ સાલા' અને આ ફિલ્મનું બીજું ગીત 'તું જો ઉતરે દરિયા મેં સારા પાની ગુલાબી, ટલ્લી ટલ્લી હો લહેરે મછલિયાં ભી શરાબી, મેરી વ્હિસ્કીયે, મેરી થર્રીએ, રોકોના ટોકોના હો મુઝકો પિને દો રાજ કે ધૂળમિલ ધૂળમિલ...' આ ગીતની પંક્તિ સાથે જુગલબંધી કરી પ્રેક્ષકોની પરિક્ષા લઈ લીધી...

'દિલ ધડકને દો' પ્રિયંકા ચોપરા-રણવીર સિંગની નવી જ ફિલ્મ ૫ જૂને રિલીઝ થશે એનું સંગીત પણ શંકર-એહસાન-લૉયે આપ્યું છે એની ગીત 'પહેલી બાર તુમકો મૈંને જબ દેખા થા, ભલા બુરા હોને દો અબ જો ભી હો' અને એનું ટાઈટલ ગીત 'હર દિલ કી અપની હી તાલ હૈ, અપની હી એક રાગ હૈ, અપની હી એક આગ હૈ, દિલ ધડકને દો' આ ગીત ફરહાન અખ્તર અને પ્રિયંકા ચોપરાએ ગાયેલુ છે.... ગીત નવાં જ હતાં છતાંય તાજગીસભર લાગ્યાં...

'ઉંગલી' ગયાં જ વર્ષે આવેલી ફિલ્મનું ગીત 'ઈશ્ક તેરા મેરા રબસે જયાદા, ઈશ્ક તેરા મેરા પાકિઝા હૈ ના, તુજ સે યહ ચાહ હૈ પાકિઝા, પાકિઝા' આ ગીતનો ગાયક અને સંગીતકાર ગુલરાજસિંગ જે આજના લાઈવ કન્સર્ટમાં કિ-બોર્ડ પ્લેયર હતા, એણે આ ગીત શંકરની ડિમાન્ડ પર ગાઈ બતાવ્યું... 'હે બેબી' ફિલ્મનું ગીત 'દિલ કા મામલા હૈ દિલબર, હુણના જોર હૈ ઈસ દિલ પર, ખબબલી હૈ દિલ કે અંદર, હો મસ્ત મસ્ત કલંકર' માં નવરાત્રી ઠેકો વગાડીને મજા કરાવી...

શંકર મહાદેવન એટલે હિંદુસ્તાની શાસ્ત્રીય ગાયકીનો ખેરખાં, એમણે પોતે બિટ્સ આપ્યાં અને એના પર ડ્રમ, કોંગો-બોંગો, ઢોલ પર એની જુગલબંદી કરાવીને શાસ્ત્રીય સંગીતનો પરચો આપી દીધો... શંકરે પછી અનેક ગીતોની મેડલી ચાલુ કરી... ગુનજીસી હૈ સારી ફિજા જૈસે બજતી હૌ શહનાઈયાં, સાજે દિલ છોડો ના તુમ હો કયોં ગાઓના, આઓ ના... આ ગીતની ગાઈકા રસીકા સેકર જે કર્ણાટકી કલાસિકલ શીખેલી છે એણે ખુબ જ સુંદર ફ્લ્યુટ વગાડી અને શંકર જોડે જુગલબંધી કરી જેનો અવાજ અને કલા બંને વખાણવાં જેવાં હતાં... જાને કયું લોક પ્યાર કરતે હૈ, જાને કયું કિસી પે મરતે હૈ...

દિલ કે રાસ્તે મેં કૈસી ઠોકર મૈંને ખાઈ, ટૂટે ખ્વાબ એક માયુસી છાઈ, તન્હાઈ તન્હાઈ... 'ટુ સ્ટેટ્સ'નું 'તુજ બીન ફાગુન મેં ફાગ નહીં રે, તુજ બીન જાગે ભી જાન નહીં રે, તેરે બીના ઓ માહિયાં' ગીત યશીતા યશપાલ શર્માએ ગાયું જે મૂળ ગીતની પણ ગાયિકા છે, અત્યારે આવતાં ઘણાં નવાં ગીતોમાં યાશીતાનો અવાજ છે... તેની આંખો કે મતવાલે, કાજલ કો મેરા સલામ, તેરી સોણી સોણી હર અદા કો સલામ, સલામે ઈશ્ક ઈશ્ક.. મન મસ્ત મગન બસ તેરા નામ દોહરાએ, ચાહે ભી તો ભૂલનાં પાયેં...

'તારે ઝમીન પર' ફિલ્મનું ગીત 'ખોલો ખોલો દરવાજે, પરદે કરો કિનારે, તુ ધૂપ હે છમ કે બિખર, તું હે નદી ઓ ભેખબર, બહ ચલ કહી, ઉડ ચલ કહી, અપની તો મંજીલ હૈ અહીં' આ રમન મહાદેવને ગાયું, જે ગીત ફિલ્મમાં પણ એમણે જ ગાયેલું છે... શંકરે ગુજરાતી ઓડિયન્સ ખુશ કરવાં દિલીપ ધોળકીયાનું પ્રસિદ્ધ ગીત 'તારા આંખનો અફિણી, તારા બોલનો બંધાણી, તારી રુપની પૂનમનો ઘાયલ એકલો' ગાઈને તાળીઓ મેળવી લીધી...

'કલ હો ના હો' નું હર ઘડી બદલ રહી હૈ રુપ જિંદગી, છાંવ હૈ કભી કભી હૈ ધૂપ જિંદગી, હર પલ યહાં જીભર જીઓ, જો હૈ સમાં કલ હો ના હો... 'તારે ઝમીન પર'નું મૈં કભી બતલાતા નહીં, પર અંધેરે સે ડરતાં હૂં મૈં મા, તુજે સબ હૈ પતા મેરી મા... 'કભી અલવીદા ના કહેના'નું ગીત 'મેરે મન યે બતા દે તું કિસ ઔર ચલા હૈ તું, મિતવા કહે ધડકને તુજસે કયા...' બધાં જ ગીતો સળંગ રજૂ કરીને વટ પાડી દીધો...

શંકર મહાદેવને પછી તો શાસ્ત્રીય સંગીતની એક લહેર દોડાવી, સતત ૧૦ મિનિટ સૂર-તાલ-આલાપ અને સંગીતની સૂરાવલી સાથે ધમાચકડી બોલાવી દીધી... અને છેલ્લે જેના માટે શંકર મહાદેવન પ્રખ્યાત છે એ આવ્યું બ્રેધલેસ... મહેંકી હુઈસી અબ સારી ફિજાયેં હૈ, બહેંકી હુઈસી અબ સારી દિશાએં હૈ, જાગી ઉમંગે હૈ, ધડક રહા હૈ દિલ... મૈં હું ઔર ખોયે હુયે પ્યાર કી યાદેં હૈ... સાચ્ચે જ આપણો શ્વાસ થંભાવી દે એવી રજૂઆત... વન્સમોરની ચિચિયારીઓ અને શંકર મહાદેવન ફરી એજ એનર્જીથી એ ગીત ગાઈ, અદ્‌ભૂત... 'જિંદગી ના મિલેગી દોબારા'ના ધમાલ ગીત 'ના મૈં સમજા, ના મૈં જાના, મુજે સુનકે અચ્છા લગા સેનોરિટા' યુવાનોને ખૂબ નચાવ્યા, પબ્લિક ડિમાન્ડ પર 'સુનો ગૌર સે દુનિયા વાલો બુરી નજર ના હમ પેં ડાલો, સબસે આગે હોંગે હિન્દુસ્તાની' અને શંકર-એહસાન-લૉય સૌને રસતરબોળ કરી બાય બાય કરી ગયાં...

સતત અઢી કલાક નોન સ્ટોપ ધમાલ-મસ્તી-ડાન્સ ગીતો અને સતત નચાવતાં સંગીત સાથે સંગીતના શહેનશાહે પબ્લિકને કાયમ યાદ રહી જાય એવો કાર્યક્રમ આપી દીધો... કલ્ચરલ ફોરમના કમાલના પ્રોગ્રામ માટે અભિનંદની સુરીલી સરગમ...